શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગત વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓમાં અભ્યાસ કરતા સા.શૈ.પ.વ., આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી વિમુક્ત જાતિ અને લઘુમતીના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચૂકવણું DBTથી કરવાનું થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓ મુજબ આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઇ Digital Gujarat Portal પર ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે. જે બાબતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરદ્વારા દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં દર્શાવેલ તેમજ વખતો વખતની તમામ સૂચનાઓનું પુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે.)

ઉક્ત જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.

A. <u>વિદ્યાર્થીઓએ એ કરવાની / સમજવાની કાર્યવાહી:-</u>

(૧) પ્રથમ વખત અરજી કરનાર દરેક વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઇટ પર Citizen તરીકે નવું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, E-mail ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાનો રહેશે. રજીસ્ટ્રેશન વખતે E-mail ID અને મોબાઇલ નંબર ફરજીયાત નાખવાનો હોવાથી વિદ્યાર્થીઓનું E-mail-ID અને મોબાઇલ નંબર હોવો ફરજીયાત છે. (સદરહુ મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃતિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ હાલતમાં રાખતા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર/ આધારકાર્ડ / Email Id ને યુઝરનેમ તથા જે પાસવર્ડ બનાવેલ હોય

તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે. જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમકે અગાઉના વર્ષમાં શિષ્યવૃતિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃતિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ સીધા અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુપડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો ID-Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યાબાદ પોતાનો મોબાઇલ નંબર UserID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે. જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની OBC / SC / ST કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(૩) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Scholarship"Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship" Option પર ક્લિક કર્યા બાદ "Select Financial Year"મેનુમાંવર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ કે ૨૦૨૦-૨૧સીલેક્ટ કર્યેથી જો વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ કે ૨૦૧૯-૨૦માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૨૦-૨૧ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal"મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને અપલોડ કરવા)

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal"મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service"મેનુમાં જઇને વર્ષ ૨૦૨૦-૨૧ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" મેનુ પર ક્લીક કરી "Citizen Login"માં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Scholarship" Option માં જઇ "Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૨૦-૨૧સીલેક્ટ કરી "Request a New Service" પર કલીક કરવાનું રહેશે ત્યારબાદ "DC(Director Developing Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પસંદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic



Scanned with CamScanner

Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિધાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને અપલોડ કરવા) તમામ વિગતો અને ડોક્યુમેન્ટ Upload અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાઇ ગયા બાદ ફાઇનલ કરી Submit કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજ/યુનિવર્સિટીને જમા કરાવવાના રહેશેતથા અરજીની એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.

(૮) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction"પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે. સરકાર માન્ય રજીસ્ટર્ડ થયેલ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓએ જ હોસ્ટેલર તરીકે ફોર્મ ભરવાનું રહેશે.

(૯) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માટે વિકસતી જાતિના ધો:૧૧ તથા ૧૨, કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા વિગેરે કક્ષાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનેશિષ્યવૃતિ/સહાય મેળવવા માટે તા:૧૦/૧૧/૨૦૨૦ થી ૧૫/૧૨/૨૦૨૦ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.inપર લાગુપડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓકરવાની રહેશે.

(૧૦) ગુજરાતના મૂળવતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓગુજરાત રાજ્ય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Digital Gujarat Portalપર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ વિગેરે સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.

(૧૧) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રિન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૨) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની સત્ર શરૂઆતની તારીખ અગાઉના વર્ષનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે. (અત્રે વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ નાખવાની રહેશે. સેમેસ્ટરની કે છ મહિનાની તારીખ નાખવાની નથી.)

(૧૩) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્માનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.



Scanned with CamScanner

(૧૪) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે. વધુમાં ૬ માસથી વધુ તુટ(બ્રેક) પડેલ હોય તે કિસ્સામાં ફરજિયાત ગેપ એફિડેવિટ અપલોડ કરવાનું રહેશે.

(૧૫) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ.વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે ત્યારબાદ વિદ્યાર્થી કોઇ સુધારા વધારા કરી શકશે.

(૧૬) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી Egramસેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૭) શિષ્યવૃતીની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇ પણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃતી ચૂકવવામાં આવશે નહિ જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

(૧૮) વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક ન 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

(૧૯) <u>સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓએ નિયમોનુસાર પાત્રતા ધરાવતા હોય તો બીસીકે-૩૨૫ યોજનામાં જ અરજી કરવાની રહેશે. જેની હાર્ડકોપી અત્રે અવશ્ય મોકલવાની રહેશે.</u>

B. ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધો:૧૧-૧૨) / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ <u>કરવાની કાર્યવાહી:-</u>

(૧) ગત વર્ષે શાળા/કોલેજ/ યુનિવર્સિટી / ITI / સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃતિ/સહાય/ટેબલેટ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રી પોતાનો પાસવર્ડ ભુલી ગયેલ હોય તો "Forgot Password" ઓપ્શનની મદદથી પાસવર્ડ બદલી શકાશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થામાં આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીઓનું નામ/મોબાઇલ નંબર જિલ્લાની O.B.C./S.C./S.T./ કચેરીનો સંપક કરી પોતાની ઓળખ પ્રસ્થાપીત કરી બદલી શકશે.

<u>જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.</u>

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરીKCG, Ahmedabad પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password: Abcd@123 રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ-Change કરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે અને કોલેજ / યુનિવર્સિટીમાંજે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. કોલેજ/યુનિવર્સીટી દ્વારા કોર્ષની વિગતો અપડેટ કરવામાં આવશે ત્યાર બાદ



Scanned with CamScanner

જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે Website પર જે તે કોલેજનુ નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી.

(૨) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓસરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાના વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

વધુમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓમાં ઇન્ટરનેટની સુવિધા કરાવી ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃતિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓના Online Applicationના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે. અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી)પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથેરજુ કરવાની રહેશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે.

અન્ય સૂચનાઓ:-

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓજે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતનાં દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવાની રહેશે. જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની ફાઇલ અલગ, ભોજનબીલની ફાઇલ અલગવિગેરે.

(૨) શિષ્યવૃતિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃતિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૩) જરૂર જણાયે સંસ્થાએ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૪) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલેટરી કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે આવો ત્યારે રજુ કરવાના રહેશે. જો શાળા/સંસ્થા



Scanned with CamScanner

પાસે ફી રેગ્યુલેટરી કમિટીએ મંજુર કરેલ ફી અંગેનું માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ શિક્ષણફી ચુકવી શકાશે. જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી નાખવાની રહેશે અને જે ફી નાખવામાં આવ તે વાર્ષિક નાખવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની નાખવી નહિ)

(૫) ગુજરાત રાજ્યના મુળ વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની દરખાસ્તો જ રજુ કરવાની રહેશે.

(૬) વિદ્યાર્થી જાતિ / આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે. (આવકના પ્રમાણપત્રો મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીના બીડવા)

(૭) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃતિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૮) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૯) વિકસતી જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલયો તથા સરકારશ્રી દ્વારા સંચાલીત છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા અને/અથવા જમવાનીસગવડ મફત હોય તેઓને ૧/૩ (વનથર્ડ) ના દરે શિષ્યવૃતિ (નિભાવદર) આકારવામાં આવશે

(૧૦) અમુક વિદ્યાર્થીઓ પોતાનુ આવકનુ પ્રમાણપત્ર રજુ કરતા હોય છે તેવુ ધ્યાને આવેલ છે. જો વિદ્યાર્થીના પિતા/વાલી હયાત હોય તો પિતા/વાલીની કુટુંબની આવકને ધ્યાને લઇને જ શિષ્યવૃતિનુ ચુકવણું કરવામાં આવશે જેની નોંધ લેવી.

(૧૧) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૨) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇ-મેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સંસ્થાએ દરેક વિદ્યાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવવામાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓનાખાતાખોલાવવાનીકાર્યવાહીકરવાનીરહેશે.

(૧૫) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃતિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૧૦૧- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ.

(જે યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)



Scanned with CamScanner

(૧૬) શાળા/સંસ્થાદ્વારાજોકોઇડમી/ભુતિયા વિદ્યાર્થીઓનીદરખાસ્તરજુકરવામાંઆવશેતોતેઅંગેનીસંપૂર્ણજવાબદારીજેતેશાળા/સંસ્થાનીનક્કીકરીસંબધિતો દ્વારા શાળા/સંસ્થા સામે કડકકાર્યવાહીકરવામાંઆવશે.

(૧૭) ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરી ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે.

(૧૮) બીસીકે-૯૮ એમ.ફીલ. પી.એચ.ડી. માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને તેઓના અભ્યાસમાં માત્ર એક વાર જ શિષ્યવૃતિ મળતી યોજના હોવાથી આ સ્કીમમાં એક વાર લાભ લીધેલ વિધ્યાર્થીઓને બીજીવાર શિષ્યવૃતિના ફોર્મ ન ભરાય તે કોલેજ / સંસ્થાએ ખાસ ધ્યાન રાખવાનું રહેશે. અને ખાસ નિબંધ લેખન માટે આ સહાય મળવાપાત્ર હોય, વિધ્યાર્થીઓના અભ્યાસના છેલ્લા વર્ષ દરમ્યાન જ ફોર્મ ભરવાનું રહેશે. તેમજ સ્ટેશનરી બીલ અથવા થીસીસ પણ અત્રે રજૂ કરવાનું રહેશે. જેની નોંધ લેશો.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વિકસતી જાતિના સા.શૈ.પ.વ., આર્થિક પછાત વર્ગ, વિચરતી વિમુક્ત જાતિ, લઘુમતિ જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો/અરજીઓ અંગે પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:- ૧. ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે તેમજ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃતિની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલલઇનેજિલ્લા કચેરીએ આવે ત્યારે કલાર્કશ્રીજ્યા સુધી શિષ્યવૃતિની કામગીરી પુરી ન થાય ત્યા સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

૨. કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓને ધ્યાનમાં રાખી તમામ કામગીરી કરવાની રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ભાવનગર

બિડાણ: ઉપર મુજબ

**નકલ સવિનય રવાના:-**

(૧) નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ભાવનગર યુનીવર્સિટી, ભાવનગર

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with CamScanner

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C), વિચરતી-વિમુક્ત જાતિ (N.T.D.N.T.) આર્થિક રીતે પછાત વર્ગ (E.B.C.), અને લઘુમતી (MINORITY) ની શૈક્ષણિક યોજનાઓની વિગત**

**પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના:-**

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક ) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બીસીકે-૭૮<br>કન્યાઓ માટેની પોસ્ટ<br>એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કન્યા માટે | ગ્રુપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રુપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રુપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૨ | બીસીકે-૧૩૭<br>કન્યાઓ માટેની પોસ્ટ<br>એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કન્યા માટે | ગ્રુપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રુપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રુપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૩ | બીસીકે-૮૧<br>કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી.<br>શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કુમાર માટે | ગ્રુપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રુપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રુપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રુપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૪ | બીસીકે-૧૩૮<br>કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી.<br>શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કુમાર માટે | ગ્રુપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રુપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રુપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રુપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |

Scanned with CamScanner

| | | | | ગ્રુપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
| | | | | | હોસ્ટેલર( માસિક ) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૫ | બીસીકે-૮૦<br>મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ | વાર્ષિક રૂા.૧૦,૦૦૦/- | | રૂા.૨,૫૦,૦૦૦/- | | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો |
| | | | | એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૫,૦૦૦/- | | | | સાધન ખરીદી કરીને બિલ રજુ કરવાનું રહેશે. |
| | | | | ડીપ્લોમા | વાર્ષિક રૂા.૩,૦૦૦/- | | | | |
| ૬ | બીસીકે-૭૯<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | માસિક રૂ.૧૫૦૦/- લેખે વધુમાં વધુ ૧૦ માસ માટે | | રૂા.૪,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૭ | ડીએનટી-૨<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | માસિક રૂ.૧૫૦૦/- લેખે વધુમાં વધુ ૧૦ માસ માટે | | રૂા.૪,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૮ | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/- | | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો |
| ૯ | | આ.પ.વ. | | | | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| ૧૦ | | લઘુમતી | | | | | | | |
| ૧૧ | બીસીકે-૧૩૯<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો |
| | | | | | | | | | |

Scanned with CamScanner

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧૨ | બીસીકે-૯૮<br>એમ.ફીલ, પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમ.ફીલ માટે વાર્ષિક રૂ.૨૫,૦૦૦/-<br>અને પી.એચ.ડી. માટે વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- | | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૫૦,૦૦૦/- | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો/ યુનિવર્સીટી |
| ૧૩ | બીસીકે-૮૧ સી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ઓપન યુનિવર્સીટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સીટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂ.૨,૫૦૦/- | | રૂ.૧,૨૦,૦૦૦/- | રૂ.૧,૫૦,૦૦૦/- | ઓપન યુનિવર્સીટી |
| ૧૪ | બીસીકે-૩૨૫<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- સુધીની શૈક્ષણિક સહાય | | રૂ.૨,૦૦,૦૦૦/- | | ફક્ત સ્વનિર્ભર કોલેજ |
| ૧૫ | બીસીકે- ૮૧ એ<br>ભારત સરકારની ૦૮૦ના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૂપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂ.,૨,૫૦,૦૦૦/-<br>(ફક્ત વર્ષ . ૨૦૨૦-૨૧ પુરતી) | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો, સ્વનિર્ભર કોલેજો,<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |
| ૧૬ | ડૉ. આંબેડકર પોસ્ટ મેટ્રીક આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ - | આ.પ.વ. | કુમાર કન્યા | ગ્રૂપ-એ | ૭૫૦/- | ૩૫૦/- | રૂ.,૨,૫૦,૦૦૦/-<br>(ફક્ત વર્ષ : ૨૦૨૦-૨૧ પુરતી) | | ફક્ત સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>કોલેજો<br>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી - | ૫૧૦/- | ૩૩૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૪૦૦/- | ૨૧૦/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૨૬૦/- | ૧૬૦/- | | | |
| ૧૭ | ટ્યુશન સહાય યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ | રૂ.૧૫,૦૦૦/- | | રૂ.૪,૫૦,૦૦૦/- | | |
| | | | | ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ | રૂ.૧૫,૦૦૦/- | | | | |
| ૧૮ | ટેબ્લેટ સહાય યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | સ્નાતક કક્ષાના તમામ પ્રવાહમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર અને શિક્ષણ ખાતા તરફથી ટેબ્લેટ મળેલ હોવું જોઇએ તથા રૂ.૧૦૦૦/- શિક્ષણ ખાતામાં ભરેલા હોવા જોઇએ. | રૂ.૧૦૦૦/- | | કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. | | સ્નાતક કક્ષાના તમામ પ્રવાહમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર અને શિક્ષણ ખાતા તરફથી ટેબ્લેટ મળેલ હોવું જોઇએ તથા રૂ.૧૦૦૦/- શિક્ષણ ખાતામાં ભરેલા હોવા જોઇએ. |

Scanned with CamScanner